પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૩૯ | ૧૧ નવેમ્બર, ૨૦૧૯, સોમવાર; કારતક સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# મહારાષ્ટ્રમાં સરકાર રચવા ભાજપનો ઈન્કાર

**મહારાષ્ટ્રમાં સરકાર રચવા આડે ઘણી અડચણ યથાવત : ભાજપની સાથે છેડો ફાડવાની સ્થિતિમાં શિવસેનાને ટેકો આપવા એનસીપીની તૈયારી : કોંગ્રેસ દ્વારા બેઠકોનો દોર**



મુંબઈ, તા. ૧૦

મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણીના પરિણામ આવ્યા બાદ હજુ પણ સરકાર રચવામાં સફળતા મળી નથી. ભાજપ દ્વારા સરકાર બનાવવાનો ઈન્કાર કર્યા બાદ હવે રાજ્યપાલ ભગતસિંહ કોશિયારીએ બીજી સૌથી મોટી પાર્ટી શિવસેનાને સરકાર બનાવવા અંગે પ્રશ્ન કર્યો છે. મહારાષ્ટ્રના રાજ્યપાલની ઓફિસ તરફથી શિવસેનાના વિધાનસભા પક્ષના નેતા એકનાથ ખડસેને સરકાર બનાવવાના સંદર્ભમાં પ્રશ્ન કર્યો છે. રાજ્યપાલે આ પહેલા ભાજપને સરકાર બનાવવા માટે પ્રશ્ન કર્યો હતો. ત્યારબાદ ભાજપની કોર ગ્રુપની બેઠક બાદ સરકાર નહીં બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ત્યારબાદ રાજ્યપાલને પણ આ સંદર્ભમાં જાણ કરવામાં આવી હતી. શિવસેના, એનસીપી અને કોંગ્રેસમાં બેઠકોના દોર ચાલી રહ્યા છે. એનસીપીએ ટેકો આપતા પહેલા ભાજપ ગઠબંધનમાંથી બહાર આવી જવા માટે શિવસેના સમક્ષ કઠોર શરત મુકી દીધી છે. આનાથી તેની પણ મુશ્કેલી વધી ગઈ છે. સુત્રોએ કહ્યું છે કે, એનસીપી નેતા નવાબ મલિકે કહ્યું છે કે, જો રાજ્યપાલ શિવસેનાને સરકાર બનાવવા માટે આમંત્રણ આપે છે તો આગળના પગલાના સંદર્ભમાં વિચારણા કરવામાં

● અનુસંધાન પાન-૫ પર

## શિવસેના સુપ્રિમો ઉદ્ધવ ઠાકરેને મુખ્યમંત્રી બનાવવા માંગ

મહારાષ્ટ્રમાં હજી પણ સરકાર બનવા પર મંથન જ ચાલી રહ્યું છે. પહેલા ભાજપ અને શિવસેના વચ્ચે વાકયુદ્ધ જામ્યુ હતું તો હવે ભાજપ-શિવસેના-એનસીપી-કોંગ્રેસ તરફથી સરકાર બનાવવા માટે હલચલ તેજ થઈ ગઈ છે. રવિવારે શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેની આગેવાનીમાં પાર્ટી ધારાસભ્યોની બેઠક યોજાઈ હતી. બેઠકમાં હવે શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેને મુખ્યમંત્રી બનાવવાની માંગણી ઉઠવા પામી હતી.

## અયોધ્યા ફેંસલા મુદ્દે દોભાલના આવાસ પર મહત્વની બેઠક યોજાઈ

**હિન્દુ- મુસ્લિમ ધાર્મિક નેતાઓ બાબા રામદેવ, સ્વામી પરમાત્માનંદ, અવધેશાનંદગીરી, સિયા ધર્મગુરુ મૌલાના કલ્બે, મૌલાના મદની સાથે બેઠક**

નવીદિલ્હી, તા. ૧૦

અયોધ્યા જમીન વિવાદ કેસમાં સુપ્રીમ કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપ્યા બાદ દેશમાં શાંતિ અને એકતાની સ્થિતિને જાળવી રાખવાના હેતુ સાથે આજે રવિવારના દિવસે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોભાલે જુદા જુદા ધાર્મિક નેતાઓને વાતચીત માટે બોલાવ્યા હતા. તેમના આવાસ ઉપર હિન્દુ અને મુસ્લિમ સમુદાયના અગ્રણી નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા જેમાં બાબા રામદેવ, સ્વામી પરમાત્માનંદનો સમાવેશ થાય છે. આ ઉપરાંત મુસ્લિમ સમુદાયના ટોચના ધાર્મિક નેતાઓ પણ આમા ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં જુદા જુદા પાસાઓ ઉપર ચર્ચા થઈ હતી. અજીત દોભાલે તમામને વિશ્વાસમાં લેવાના પ્રયાસ કર્યા હતા. આ બેઠકમાં તમામ સમુદાયના નેતાઓએ પોતાના અભિપ્રાય પણ રજૂ કર્યા હતા. બેઠકમાં સ્વામી ચિદાનંદ સરસ્વતી, અવધેશનંદગીરી, સિયા નેતા મૌલાના કાલ્બે, અન્ય ધાર્મિક નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. સર્વધર્મ સંપ્રદાયની બેઠકનો મુખ્ય હેતુ દેશમાં શાંતિ જાળવી રાખવા માટે લેવામાં આવી રહેલા પગલાઓની ખાતરી કરવાનો રહ્યો હતો. આ ધાર્મિક નેતાઓ મોટી સંખ્યામાં તેમના સમર્થકો ધરાવે છે. તેમને ભાઈચારા અને શાંતિ જાળવી રાખવાના સંદેશાઓ જુદા જુદા વર્ગમાં ફેલાવવાની અપીલ કરવા ઉપરાંત કોઈપણ ઉશ્કેરણીજનક નિવેદન કરવાથી દૂર રહેવા અપીલ કરવા પણ કહેવામાં આવ્યું હતું.

## હવે, કોમન સિવિલ કોડના નિર્ણયનો સમય

**કેન્દ્રીયમંત્રી રાજનાથસિંહે સ્પષ્ટ સંકેત આપ્યો : કલમ ૩૭૦ની નાબૂદી અને અયોધ્યામાં મંદિર ચૂકાદા બાદ હવે કોમન સિવિલ કોડ ઉપર નજર**

નવીદિલ્હી, તા. ૧૦

ભાજપ પર વિપક્ષી દળો તરફથી રામ મંદિર મામલા પર રાજનીતિ કરવાનો આક્ષેપ થઈ રહ્યો છે. ૩૭૦ બાદ અયોધ્યામાં રામ મંદિરનો રસ્તો પણ સાફ થઈ ગયો પહેલા દશકોથી રહેલી ૩૭૦ની કલમને સાહસપૂર્વક દૂર કરવામાં આવી હતી અને હવે સુપ્રીમ કોર્ટ તરફથી અયોધ્યામાં રામ મંદિરને લઈને ચુકાદો આપી દેવામાં આવ્યા બાદ ભારતીય જનતા પાર્ટીએ સમાન નાગરિક સંહિતાની વાત કરવા લાગી ગયા છે. ટ્વિટર પર યુનિફોર્મ સિવિલ કોડને લઈને નિવેદનો શરૂ થઈ ચુક્યા છે. સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ સંરક્ષણમંત્રી રાજનાથસિંહે પણ આની જરૂર છે ત્યારે હવે સમાન નાગરિક સંહિતા અથવા તો કોમન સિવિલ કોડના મુદ્દા પર ચર્ચા શરૂ થઈ ચુકી છે. કેન્દ્રીયમંત્રી રાજનાથસિંહે આજે આ અંગેનો સંકેત પણ આપી દીધો છે. એક પછી એક જટિલ મુદ્દાઓને મોદી સરકાર ઉકેલી રહી છે. સૌથી હિન્દુત્વના પોતાના આ સૌથી મોટા મુદ્દા પર હંમેશ માટે રાજકીય પક્ષો ઉપર લીડ મેળવી લીધી છે. ચૂંટણીઓમાં ભારતીય જનતા પાર્ટી રજૂઆત કરી શકશે કે બે મોટા વચનો પાળી દેવામાં આવ્યા છે. ભાજપના નેતા અને સમર્થકો હવે બતાવી છે.

પત્રકારો સાથે વાતચીત કરતા રાજનાથસિંહે કહ્યું છે કે, કોમન સિવિલ કોડ પર પણ હવે આગળ વધવાનો સમય આવી ગયો છે. દિલ્હી હાઈકોર્ટમાં યુનિફોર્મ સિવિલ કોડની માંગ કરનાર અરજીઓ ઉપર હવે સુનાવણી કરવામાં આવનાર છે.

હાઈકોર્ટના ચીફ જસ્ટિસ



બીએન પટેલ અને જસ્ટિસ શ્રીહરિશંકર આ મામલાની ૧૫મી નવેમ્બરના દિવસે સુનાવણી કરનાર છે. શનિવારના દિવસે આવેલા સુપ્રીમ કોર્ટના ચુકાદાએ એકરીતે ભાજપ માટે મજબૂત સ્થિતિ ઉભી કરી દીધી છે. આને લઈને ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતાઓ દ્વારા આંદોલન કરવામાં આવ્યું હતું.

## હવે, ચીફ જસ્ટિસ ગોગોઈ ચાર મહત્વના કેસોમાં ચુકાદા આપશે

ન્યુ દિલ્હી,તા.૧૦

અયોધ્યા મામલે પુરાવાને આધારે આદર્શ ચૂકાદો સંભળાવ્યા પછી હવે ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ અન્ય ચાર મોટા મામલાઓમાં ચૂકાદો સંભળાવશે. જોકે, અત્યાર સુધી અયોધ્યા મામલાને જ સૌથી મોટો માનવામાં આવતો હતો પણ આ હવે ચૂકાદો આવી ગયા પછી અન્ય મામલાઓ પર ચૂકાદાની રાહ જોવાઈ રહી છે. આગામી સપ્તાહે આ બાકી ચાર કેસમાં પણ અંતિમ ચૂકાદાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

આ જ મહિને ૧૭ નવેમ્બરે ભારતના મુખ્ય ન્યાયધીશ રંજન ગોગોઈ નિવૃત થવા જઈ રહ્યા છે, આ પહેલા તે હવે બાકી રહેલા દિવસોમાં આ ૪ મામલે ચૂકાદો આપવાનો છે. હવે તેની નિવૃતિ આડે માત્ર ૪ દિવસ બાકી છે. આ દરમ્યાન તેમણે ઐતિહાસિક ચૂકાદાઓ આપવાના છે.

# બંગાળમાં બુલબુલ વાવાઝોડું ત્રાટક્યુ

**૧૦થી વધુના મોત : પ્રચંડ પવનની ગતિ, વરસાદ સાથે વાવાઝોડુ ત્રાટકતા જનજીવન ઠપ : બચાવ અને રાહત કામગીરીના સંદર્ભમાં મોદી તેમજ અમિત શાહની મમતા બેનર્જી સાથે વાતચીત : તમામ મદદની ખાતરી : લાખો લોકોને ખસેડી લેવાયા**

ભુવનેશ્વર, તા. ૧૦

ચક્રવાતી તોફાન બુલબુલના કારણે પશ્ચિમ બંગાળના દરિયાકાંઠાના જિલ્લાઓમાં અતિભારે વરસાદ થતાં ચારેબાજુ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ ગઈ છે. સાથે સાથે ભારે વરસાદ અને તોફાન સાથે સંબંધિત બનાવોમાં ૧૦થી વધુ લોકોના મોત થઈ ચુક્યા છે. એક લાખથી પણ વધુ લોકોને નિચાણવાળા દરિયાકાંઠાના ગામોમાંથી સુરક્ષિતરીતે ખસેડવામાં આવ્યા છે. પશ્ચિમ બંગાળના દરિયાકાંઠાને ચક્રવાતી બુલબુલ વાવાઝોડાએ પાર કર્યું ત્યારે પવનની ગતિ ૧૧૦થી ૧૨૦ કિલોમીટર પ્રતિકલાકની રહી હતી જ્યારે બાંગ્લાદેશમાં આગળ વધી ગયા બાદ તેની ગતિ ૧૨૦ કિલોમીટરથી વધુની ઝડપથી જોવા મળી હતી.

બુલબુલ વાવાઝોડાના કારણે પહેલાથી જ તંત્ર દ્વારા હાઈએસ્ટ એલર્ટની જાહેરાત કરવામાં આવી હતી. આના પરિણામ સ્વરુપે ભારે વરસાદ થયો છે. સાથે સાથે દરિયાકાંઠાના જિલ્લાઓમાં સાત ફુટ જેટલા ઉંચા મોજાઓ ઉછળ્યા છે. બીજી બાજુ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે અલગ અલગરીતે બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી સાથે વાતચીત કરી હતી અને બુલબુલ વાવાઝોડાના કારણે અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત ઓપરેશનમાં કેન્દ્ર સરકાર તરફથી તમામ



સંભવિત મદદ કરવાની ખાતરી આપી હતી. આશરે ૫૫૦૦૦થી વધુ કર્મચારીઓને વાવાઝોડાના સંદર્ભમાં એલર્ટ કરવા રોકવામાં આવ્યા હતા. આજે પણ ભારે વરસાદ જારી રહ્યો હતો.

શનિવારના દિવસે શરૂ થયેલા વરસાદ બાદ આજે પણ ભારે વરસાદ જારી રહ્યો હતો. સરકાર દ્વારા ૧૬ ડિઝાસ્ટર રિસ્પોન્સ ટીમો તૈનાત કરી છે. ૧૨૧૫ રસોડાની શરૂઆત કરી છે. રાહત અને બચાવ કામગીરી માટે ૯૪ બોટ રોકવામાં આવી છે જ્યારે અસરગ્રસ્ત લોકોને ૨.૪૦ લાખ જેટલા પાણીના પાઉચ મોકલવામાં આવ્યા છે. લાખો લોકોને સુરક્ષિત ખસેડવામાં આવ્યા છે.

## કેન્દ્ર સરકાર એક લાખ ટન ડુંગળી આયાત કરશે

ન્યુ દિલ્હી,તા.૧૦

ગરીબોની કસ્તૂરી ગણાતી ડુંગળીના ભાવ છેલ્લા કેટલાક દિવસથી સતત વધી રહ્યા હતા. પરંતુ હવે આ ભાવને કાબૂમાં લેવા માટે કેન્દ્રની મોદી સરકારે એક મોટો નિર્ણય લીધો છે. એમએમટીએસને એક લાખ ટન ડુંગળી આયાત કરવા માટે નિર્દેશ આપ્યા છે. કેન્દ્રીય ખાદ્ય અને ઉપભોક્તા મામલાના મંત્રી રામવિલાસ પાસવાને ટ્વીટ દ્વારા જણાવ્યું કે સરકારે એક લાખ ટન ડુંગળીની આયાત કરવાનો નિર્ણય કર્યો છે. તેમણે કહ્યું, સરકારે ડુંગળીના ભાવને નિયંત્રિત કરવા માટે એક લાખ ટન ડુંગળીની આયાત કરવાનો નિર્ણય લીધો છે. એમએમટીસી ૧૫ નવેમ્બરથી ૧૫ ડિસેમ્બરની વચ્ચે આયાત ડુંગળી દેશમાં વિતરણ માટે ઉપલબ્ધ કરવામાં આવશે અને નેફેડને દેશના દરેક ભગામાં ડુંગળીનું વિતરણ કરવાની જવાબદારી સોંપવામાં આવી છે.

## હિમાચલ, ઉત્તરાખંડ અને કાશ્મીરમાં ભારે હિમવર્ષા

**ભારે હિમવર્ષાથી ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીનું મોજુ : બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી અને યમનોત્રીમાં હિમવર્ષા**

શિમલા, તા. ૧૦

હિમાચલ પ્રદેશ અને જમ્મુ કાશ્મીરના જુદાજુદા ભાગોમાં હિમવર્ષા જારી રહી છે. જેના પરિણામ સ્વરુપે તાપમાનમાં ઘટાડો થતાં ઠંડીનું



મોજુ ફરી વળ્યું છે. છેલ્લા કેટલાક દિવસથી હિમાચલના લાહોલ, સ્પીતી અને કિન્નોર જિલ્લામાં ભારે હિમવર્ષાથી ઉત્તરભારતમાં ઠંડીનું મોજુ વધી ગયું છે. લાહોલસ્પીતીના રોહતાંગમાં આજે પણ હિમવર્ષા થઈ હતી. ચારેબાજુ બરફની ચાદર ફેલાઈ ગઈ છે. ભારે હિમવર્ષાના પરિણામ સ્વરુપે વાહન વ્યવહારની સેવા પણ ખોરવાઈ ગઈ છે. બરફને દૂર કરવા માટે જેસીબી મશીનોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં બદ્રીનાથ, રુદ્રપ્રયાગ જિલ્લામાં કેદારનાથ, ઉત્તર કાશી જિલ્લામાં ગંગોત્રી, યમનૌત્રીમાં પણ હિમવર્ષા થઈ છે. શ્રીનગરમાં પણ હિમવર્ષા થઈ છે. જમ્મુ કાશ્મીરની સાથે સાથે હિમાચલ પ્રદેશમાં કુલ્લુ અને શિરમોર જિલ્લામાં પણ હિમવર્ષા થઈ છે. કુલ્લુમાં સોલંગ વિસ્તારમાં ભારે હિમવર્ષા સિઝનની પ્રથમ વખત થઈ છે. ભારે હિમવર્ષાથી ચારેબાજુ બરફની ચાદર છવાઈ ગઈ છે. પ્રવાસીઓ મોટી સંખ્યામાં પહોંચી રહ્યા છે. દરમિયાન જમ્મુ કાશ્મીરમાં છેલ્લા બે દિવસથી હિમવર્ષાના લીધે જનજીવન ખોરવાઈ ગયું છે. હિમવર્ષાના લીધે જમ્મુ કાશ્મીર અને અન્ય માર્ગોને બંધ કરવાની ફરજ પડી છે.

## બાબરીના દોષિતને ક્યારે સજા : દિગ્વિજય

નવીદિલ્હી, તા. ૧૦

અયોધ્યા વિવાદ પર સુપ્રીમ કોર્ટનો ચુકાદો આવી ગયા બાદ કોંગ્રેસના સિનિયર નેતા દિગ્વિજયસિંહે ટિપ્પણી કરીને ફરી એકવાર વિવાદ જગાવ્યો છે. મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજયસિંહે એકબાજુ સુપ્રીમ કોર્ટના ચુકાદાનું સ્વાગત કર્યું છે. બીજી બાજુ પ્રશ્નો પણ ઉઠાવ્યા છે. દિગ્વિજયસિંહે કહ્યું છે કે, બાબરી મસ્જિદ તોડનારને સજા ક્યારે આપવામાં આવશે. પોતાના વિવાદાસ્પદ નિવેદનોના કારણે ચર્ચામાં રહેલા દિગ્વિજયસિંહે ચુકાદાના એક દિવસ બાદ જ મૌન તોડીને આ મુજબનો પ્રશ્ન કર્યો છે. સુપ્રીમ કોર્ટે રામ જન્મભૂમિ ચુકાદામાં બાબરી મસ્જિદને તોડવાના કૃત્યને ગેરકાયદે અપરાધ ગણાવ્યું છે. સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ દોષિતોને સજા મળી શકશે કે કેમ તે જોવાની બાબત રહેશે. ૨૭ વર્ષનો ગાળો થઈ ચુક્યો છે. તેમણે કહ્યું છે કે, કોર્ટના ચુકાદાને લઈને કોંગ્રેસ હંમેશા બંધારણની હદમાં રહીને સમાધાન શોધવાની તરફેણમાં રહી છે. રામ જન્મભૂમિના સંદર્ભમાં સુપ્રીમ કોર્ટે જે કંઈપણ ચુકાદો આપ્યો છે તેનું સન્માન થવું જોઈએ. કોંગ્રેસે હંમેશા કહ્યું હતું કે, દરેક વિવાદનો ઉકેલ બંધારણ દ્વારા સ્થાપિત કાનૂનો અને નિયમની હદમાં રહીને શોધવો જોઈએ.અયોધ્યાનો ચુકાદો આવી ગયો છે. બીજી બાજુ બાબરી

● અનુસંધાન પાન-૫ પર

## મસ્જિદ માટે યોગ્ય જગ્યા શોધવી યોગી માટે મુશ્કેલ

નવી દિલ્હી, તા.૧૦

અયોધ્યામાં રામજન્મભૂમિને લઈને છેલ્લા ૭૦ વર્ષથી ચાલી રહેલા વિવાદનો અંત આવી ગયા બાદ હવે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની સામે બે મોટા પડકારો આવી ગયા છે. સુપ્રીમ કોર્ટે પોતાના ઐતિહાસિક ચુકાદામાં અયોધ્યામાં મુસ્લિમોને પ્રમુખ સ્થાન પર પાંચ એકર જમીન આપવાનો સરકારને આદેશ કર્યો છે. સુપ્રીમ કોર્ટના આ આદેશને અમલી કરવાની બાબત યોગી સરકાર માટે ખુબ મુશ્કેલરુપ બની શકે છે. સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ પણ સમગ્ર મામલામાં કેટલીક દુવિધા રહેલી છે.

જન્મજાત હોઠ અને તાળવાની ખોડખાંપણ
ફ્રી કેમ્પ દર ગુરૂવારે
જાજુ પ્લાસ્ટીક સર્જરી સેન્ટર
હિન્દુ કોલોની પાછળ, સ્ટેડીયમ, નવરંગપુરા, અમદાવાદ. ટેઃ૨૬૪૦ ૪૯૯૦ - ૨૬૪૦ ૪૯૯૧
સૌજન્ય : SMILE TRAIN (USA) & Jaju Plastic Surgery Foundation

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

વિશાલ પંડ્યા (મો) ૯૮૨૪૦ ૫૯૬૩૫
કનૈયાલાલ પંડ્યા (મો) ૯૪૨૮૨ ૧૭૫૫૭
પ્રોડક્શન કંપનીના ભાવે
આકર્ષક લગ્ન કંકોત્રી
મેળવવાનું એક માત્ર સ્થળ
ૐકાર ગ્રાફીક્સ & ઝેરોક્ષ
બી-૬, બેઝમેન્ટ, શ્રીનાથ કોમ્પ્લેક્ષ, ૧૭/૨૨ બસ સ્ટેન્ડ પાસે, સેક્ટર - ૨૨, ગાંધીનગર